मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૮૦ મું
અંક ૧૨
૧૫ ઓક્ટોબર

આસો

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૦
ઇ. સ. ૧૯૬૪


सुइं च लद्धुं सद्धं च, वीरियं पुण दुल्लहं ।
बहवे रोयमाणा वि, नो य णं पडिवज्जए ॥ ८ ॥

કદાચ ધર્મમાર્ગના શ્રવણનો પ્રસંગ સાંપડ્યો અને તેમાં શ્રદ્ધા પણ બેઠી. તેમ છતાં ય તે પ્રમાણે વર્તવા સારુ યોગ્ય પુરુષાર્થ કરવાનું વળી ભારે દુર્ઘટ બને છે. ઘણા લોકો એવા હોય છે કે જેઓ 'ધર્મમાર્ગમાં પોતે શ્રદ્ધા તો રાખે છે' એમ કહેતા હોય છે; પણ તે પ્રમાણે વર્તી શકતા નથી અર્થાત્ શ્રદ્ધા થયા પછી તે પ્રમાણે પુરુષાર્થ કરવો ઘણો દુર્લભ બને છે.

माणुसत्तम्मि आयाओ, जो धम्मं सोच्च सद्दहे ।
तवस्सी वीरियं लद्धुं, संवुडे निद्धुणे रयं ॥ ९ ॥

મનુષ્ય જન્મમાં આવેલો એટલે ખરેખર મનુષ્ય થયેલો તેને જ સમજવો કે જે, ધર્મવચનોને સાંભળે, પછી તેમાં વિશ્વાસ રાખે, પછી તે પ્રમાણે તપસ્વી બની સંવરવાળો થઈ પોતા ઉપર લાગેલા પાપમળને ખંખેરી નાખવાનો પુરુષાર્થ કરે.

—મહાવીર-વાણી


: પ્રગટકર્તા :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી નવપદજી મહારાજનું ગીત | (ચીમનલાલ રતનચંદ રાજપુર) | ૧૦૧ |
| ૨ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : મણકો બીજો-લેખાંક : ૧ | (સ્વ. મૌક્તિક) | ૧૦૨ |
| ૩ | સત્પુરૂષો કેવા હોય ? | ('સાહિત્યચંદ્ર' બાલચંદ હીરાચંદ) | ૧૦૫ |
| ૪ | 'સમેત' શૈલ સંબંધી સામગ્રી | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.) | ૧૦૮ |
| ૫ | જૈન ધર્મ પ્રકાશ વાર્ષિક અનુક્રમણિકા | ... .... .... | ૧૧૩ |
| ૬ | સમાચાર અને સમાલોચના | .... .... .... | ટા. પેજ ૩-૪ |



શા ર દા પૂ જ ન વિધિ

### જૈન વિધિ પ્રમાણે વહીપૂજન કરો

જૈન વિધિ પ્રમાણે વહીપૂજન-શારદાપૂજન કરવું તે ફાયદાકારક છે. આ વિધિમાં પ્રાચીન શારદા સ્તોત્ર અર્થ સાથે છાપવામાં આવેલ છે. અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીના છંદો પણ સાથો સાથ આપવામાં આવેલ છે; તો દીપોત્સવી જેવા મંગળકારી દિવસોમાં આ માંગલિક વિધિ પ્રમાણે પૂજન કરવું તે અત્યંત લાભકારક છે. વાંચવી સુગમ પડે તે માટે ગુજરાતી ભાષામાં જ છાપવામાં આવી છે.

કિંમત દશ નયા પૈસા :: સો નકલના રૂ. ૧૦-૦

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


### ધાર્મિક અભ્યાસવર્ગ

લગભગ વીશ દિવસથી રોજ રાત્રિના ૯-૧૫ થી ૧૦-૧૫ સમવસરણના વંડામાં અભ્યાસવર્ગ ચલાવવામાં આવે છે જેમાં લગભગ દોઢસો ભાવુકો (યુવકો) સારા પ્રમાણમાં લાભ લે છે. આ અભ્યાસવર્ગમાં ગણધરવાદનું પ્રવચન શરૂ કરવામાં આવેલ છે. પૂજ્ય પંન્યાસશ્રી ચંદ્રોદયવિજયજી આ અભ્યાસવર્ગ પોતાની તેજસ્વી અને રોચક ભાષામાં ચલાવી રહ્યા છે. આ અભ્યાસવર્ગનો લાભ ખાસ કરીને યુવકો વધુ લે તેવી હાર્દિક ઇચ્છા રાખવામાં આવે છે. તેમજ સવારમાં પણ ૬-૩૦ થી ૭-૩૦ સુધી પૂજ્ય પંન્યાસશ્રી ચંદ્રોદયવિજયજી દશપૂર્વધારી ઉમાસ્વાતિજી મહારાજે રચેલ "તત્ત્વાર્થ અધિગમસૂત્ર" પોતાની તેજસ્વી અને સુંદર ભાષામાં સમજાવે છે; તો તે વર્ગનો પણ જીજ્ઞાસુ ભાઈઓ વધુને વધુ લાભ લે તેવી હાર્દિક અભિલાષા રાખવામાં આવે છે

(સમાલોચના ટાઈટલ પેજ ૪ થી શરૂ)

આપનાર કાર્યકર્તાઓની, ઉદાર દાતાઓની તેમ જ મંડળની વિવિધ પ્રવૃત્તિઓની તસવીરો આ અંકમાં સામેલ કરવામાં આવેલ છે.

સંસ્થાની શિષ્યવૃત્તિઓ લઇને અને મંડળના બાલાશ્રમ કે છાત્રાલયમાં રહીને સામાન્ય કુટુંબના સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ પોતાના જીવન પ્રગતિમય અને સુખમય બનાવ્યા છે. વર્ષો સુધી સંસ્થાનાં સસ્તા ભાડાનાં મકાનોમાં સગવડભરી રીતે રહીને અનેક કુટુંબોએ પ્રગતિ કરેલ છે.

શ્રી પાટણ જૈન મંડળ સમાજને અનેક રીતે ઉપયોગી અને આશીર્વાદરૂપ થાય તેવી ઈચ્છા રાખવામા આવે છે.

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૮૦ મું<br>અંક ૧૨ | આસો | વીર સં. ૨૪૯૦<br>વિક્રમ સં. ૨૦૨૦ |
|---|---|---|


## શ્રી નવપદજી મહારાજનું ગીત

(રાગ-શ્રાવણ માસ આવ્યો ઢુંકડો૦)

આસો તે માસ આવ્યો ઢુંકડો રે, હું તો જોઉં છું ઓળીની વાટ રે
હું તો જોઉં છું ઓળીની વાટ૦

રૂમઝુમ કરતી આવી (ઓળી) શોભતી રે
મને હૈડે છે હરખ અપાર રે
મને હૈડે છે હરખ અપાર૦ આસો તે માસ આવ્યો ઢુંકડો—૧

સુદી સાતમ મંગળવારથી રે (આસો માસથી રે)
સૌ આરાધો ઓળી ધરી ભાવ રે સૌ આરાધો ઓળી ધરી ભાવ૦
શ્રી શ્રીપાળ મયણા પરે રે
સૌ પામો અવિચળ રાજ રે
સૌ પામો અમર સુખ રાજ૦ આસો તે માસ આવ્યો ઢુંકડો—૨

ઓળી કરવાની મને હોંશ ઘણી રે
ગુરૂ ઉપદેશ આપે છે વારંવાર રે ગુરૂ ઉપદેશ આપે છે વારંવાર૦
ઘરમાં સૌ મને ના કહે રે
મને ભુખ્યું ન રહેવાય લગાર રે
મને ભુખ્યું ન રહેવાય લગાર આસો તે માસ આવ્યો ઢુંકડો—૩

વિધિપૂર્વક ઓળી આદરૂં રે
હું તો જપું સિદ્ધચક્રનો જાપ રે હું તો જપું સિદ્ધચક્રનો જાપ૦
એકાસી આંબિલ પૂરાં કરી રે
હું તો ઊજમણું કરૂં ભલી ભાત રે
હું તો ઊજમણું કરૂં ભલી ભાત૦ આસો તે માસ આવ્યો ઢુંકડો—૪

સરખી સાહેલી ચાલી સાથમાં રે
કરે ઝાંઝરનો ઝમકાર રે કરે ઝાંઝરનો ઝમકાર૦
થાળ ભરી શુદ્ધ મોતીએ રે
એ તો નવપદજી પૂજવા જાય રે
એ તો નવપદજી પૂજવા જાય૦ આસો તે માસ આવ્યો ઢુંકડો૦—૫

અરિહંત-સિદ્ધ-સૂરિ-વાચક રે
સાધુ નમું નીશ દીન રે
વ્હાલા સાધુ નમું નીશ દીન૦ આસો તે માસ આવ્યો ઢુંકડો૦—૬

રચયિતા :—સાંડસા ચીમનલાલ રતનચંદ-રાજપુર (ડીસા)

# શ્રી વર્દ્ધમાન-મહાવીર

મણકો ૨ જો :: લેખાંક : ૧

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

## પ્રકરણ ૧ લું

### ગર્ભાભિધાન અને ચ્યવન :

પ્રભુ મહાવીરનો જીવ દશમા પ્રાણત વૈમાને દેવલોકે હતો.

અહીં સમજણ સ્પષ્ટ થવા માટે બાર દેવલોકનાં નામ જાણી લઇએ : ૧. સૌધર્મ દેવલોક, ૨. ઈશાન દેવલોક, ૩. સનત્કુમાર દેવલોક, ૪. મહેન્દ્ર દેવલોક, ૫. બ્રહ્મ દેવલોક, ૬. લાંતક દેવલોક, ૭. મહાવક્ર દેવલોક, ૮. સહસ્રાર દેવલોક, ૯. આણંત દેવલોક, ૧૦. પ્રાણંત દેવલોક, ૧૧. આરણ્ય લેવલોક, ૧૨. અચ્યુત દેવલોક. આ બાર દેવલોકમાં બે બે પડખે ઉત્તર દિશાએ અને ઈશાન ખૂણામાં આવેલાં છે, પણ પાંચમું, છઠું, સાતમું અને આઠમું દેવલોક એક એક પ્રત્યેક એક ઉપર એક એમ આવેલા છે. આ બારે દેવલોકના દેવો કલ્પોપપન્ન કહેવાય છે. તીર્થંકરના જન્માદિ પાંચ કલ્યાણક વખતે જે હાજર થઈ પૂજાસેવા અષ્ટાહ્નિકા મહોત્સવમાં ભાગ લેવાનો જેમનો આચાર છે તે કલ્પોપન્ન દેવો છે ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને બાર દેવલોકના દેવો કલ્પોપપન્ન છે, જ્યારે નવગ્રૈવેયક તથા પાંચ અનુત્તર વૈમાનના દેવોને એ કલ્પ નથી, તેથી તેઓ કલ્પાતીત કહેવાય છે દરેક દેવલોકના ઉપરીને ઈન્દ્ર કહેવામાં આવે છે. કલ્પાતીત દેવો જિનકલ્યાણક વખતે પોતાના સ્થાન પર રહી ભક્તિ કરે છે અને ત્યાં કોઈ ઉપરી કે કોઈ સેવક હોતું નથી, સર્વ સમાનભાવે વર્તે છે. આ રીતે કલ્પોપન્ન અને કલ્પાતીત એવા બે વિભાગ દેવોના પડે છે. આ હકીકત ધ્યાનમાં રહે.

મહાવીરસ્વામીનો જીવ ઉપર જણાવ્યા તે પૈકી દશમે દેવલોકે છવીશમે ભવે ગયો હતો. ત્યાં દેવ તરીકે અનેક પ્રકારનો આનંદ કરી તીર્થંકરના કલ્યાણકના મહોત્સવમાં ભાગ લઇ પોતાનું દેવ તરીકેનું વીશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી તે ભરતક્ષેત્રમાં જન્મ્યા. દેવતાનું આયુષ્ય જ્યારે છ માસનું બાકી રહે છે, ત્યારે તેના ગળાની માળા કરમાવા લાગે છે. ત્યારે તે ઉપયોગ મૂકી જુએ છે એટલે એને ખબર પડે છે કે હવે એનો અંતકાળ નજીક આવ્યો છે. આ વખતે ગર્ભાવાસની પીડા અને મનુષ્યત્વના દુઃખો કે બીજી ગતિમાં પડવાના દુઃખો વિચારી, લક્ષ્યમાં લઇ મિથ્યાદષ્ટિ દેવો માથા કૂટે છે, હાય વરાળ કાઢે છે, નિઃસાસા મૂકે છે અને હવે પછી પોતાને કેવું દુઃખ પડશે તે વિચારથી અતિ શોક કરે છે તથા પોતાનું લાખો વર્ષનું આયુષ્ય એળે ગુમાવી નાખ્યું તે માટે દિલગીરી બતાવે છે. પણ આવેલી તક ન લીધી, તેનો સદુપયોગ ન કર્યો અને હવે શોક કરવો નકામો છે. તકનું તો એવું છે કે એ તો જ્યારે તે આવે ત્યારે સદુપયોગ કરવામાં આવે તો તેનો લાભ લેવાય, બાકી તક ગઇ તે તો ગઈ જ, પછી તે પાછી આવતી નથી. આપણે ઘણીવાર દેરાસરમાં પ્રેરણાત્મક વાકય સાંભળીએ છીએ કે 'આવો અવસર ફરી ફરીને નહિ આવે.' આ વાકયમાં ઘણો અર્થ રહેલો છે. દેવતાનો પસ્તાવો નકામો છે, મળેલ મોટા આયુષ્યને જો પોતે મિથ્યાચારી હોય તો આનંદ વિલાસમાં પૂરું કરી નાખે છે અને છેવટના છ માસમાં તેને જે દિલગીરી થાય છે તે આખી જિંદગીમાં કરેલ પૌદ્ગલિક આનંદ સામે મૂકવા જાય છે અને જાણે પોતે કાંઇ ન કરી શકયા તેનો શોક કરે છે અને પોતાના દેવ તરીકેના ભવને વિભંગ જ્ઞાનથી એળે ગયેલ જાણે છે. તેને વળી વિશેષ ખેદ એટલા માટે થાય છે કે પોતે આવડા મોટા ભવમાં એક પણ નવકારશીનું પચ્ચખ્ખાણ

કરી ન શકયો અને આવી રીતે ત્યાગ વગરના જીવનને વૃથા ગયેલું સમજે છે. આવી રીતનો ગરથ ગયા પછીનો પશ્ચાત્તાપ નકામો નીવડે છે. આવી રીતે જિંદગીને છેડે કરેલો પસ્તાવો નકામો અને અર્થ વગરનો થાય છે આવા માથાં કુટવા તેમને અને જોનારને ખેદ ઉપજાવે છે.

ભુવનપતિ. વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકના દેવો અને દાનવોના ચોસઠ ઇન્દ્રો હોય છે તેની વિગત હવે પછી આ જ વિભાગ બીજામાં આવશે. સર્વ જીવોને કુલ પાંચ પ્રકારના શરીર હોય છે, તે આપણે આ પ્રસંગે વિચારી જઇએ. એ શરીરો કર્મ ઉપર આધાર રાખે છે. પાંચ શરીરનાં નામો અનુક્રમે નીચે પ્રમાણે છે :—

૧. **ઔદારિક શરીર** સ્થૂળ પુદ્ગળનું બનેલ શરીર, પ્રત્યેક ક્ષણે વધે કે ઘટે તેવું શરીર પુદ્ગળના ચય ઉપચયે અને છેદન, ભેદને વધઘટ પામે. ગ્રહણ વિગેરે જેવું થઇ શકે. તીર્થંકર, ગુણધર તથા સુસાધુની અપેક્ષાએ આ શરીર સર્વોત્તમ ગણાય છે. ઘણે ભાગે આ શરીર મનુષ્ય તથા તિર્યંચને હોય છે. કોઇ મનુષ્યને લબ્ધિના યોગથી હવે પછી કહેવાનું વૈક્રિય શરીર પણ પ્રાપ્ત થાય છે, પણ તે અપવાદિક અને જવલ્લે જ મળે છે.

૨. **વૈક્રિય શરીર** અનેક પ્રકારની વિક્રિયા કરે, નાનું મોટું કરી શકાય. સુરૂપ, કુરૂપ થઇ શકે, ઇચ્છા પ્રમાણે ફરી શકે, એક કરતાં વધારે આકારો પામી શકે, દેવતા અને નારકીને આવા પ્રકારનું શરીર હોય છે. કોઈ મનુષ્યને લબ્ધિ મળે ( વૈક્રિય લબ્ધિ ) તેનાથી તેવું શરીર મનુષ્ય તો લબ્ધિ પ્રાપ્ત હોય તો કરી શકે છે. દેવતા તથા નારકીના ભવપ્રત્યયી આ શરીરને ઔપપાતિક વૈક્રિય શરીર કહેવાય છે. બીજાનું લબ્ધિ પ્રત્યયીક નામ હોય છે. બીજા પ્રકારનું તિર્યંચ પણ એ શરીર ધારણ કરે છે.

૩. **આહારક શરીર** ચૌદ પૂર્વધર મુનિ અથવા લબ્ધિવંત મુનિ પોતાના સંદેહ દૂર કરવા કે તીર્થંકરની ઋદ્ધિ જોવા સ્ફટિક જેવું અતિ ઉજ્જવળ શરીર અંતમુહૂર્તની સ્થિતિવાળું બનાવે તેના તે શરીરને આહારક શરીર કહેવામાં આવે છે.

૪. **તૈજસ શરીર** ખાધેલા ભોજનને પચાવનાર, તેજોમય શરીર જે દરેક પ્રાણીને હોય છે તે તૈજસ શરીર કહેવાય છે. આવા પ્રકારનું શરીર પોતાના ઔદારિક કે વૈક્રિય શરીર સાથે મેળવવું, જે શરીર જન્માંતર વખતે પણ સાથે જાય છે તે શરીર તૈજસ કહેવાય છે. તેજોલેશ્યા પણ આ શરીરથી મૂકાય છે.

૫. **કાર્મણ શરીર** અનેક પ્રકારના આત્માને લાગેલા સારા કે ખરાબ કર્મોનો સમૂહ અથવા કર્મ અને જીવનો સંબંધ કરાવનાર થોડા વખત માટે કર્મ અને આત્માને જોડનાર આ કાર્મણ શરીર કહેવાય છે, અથવા જીવ સાથે લાગેલાં કર્મો એકમય બની જાય, શરીર અને આત્માને એક બનાવી દે છે. તે શરીરને કાર્મણ શરીર કહેવામાં આવે છે. દેવતાના ચાર પ્રકાર છે : ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક. તે પૈકી ભુવનપતિ દેવો તથા વ્યંતર અને જ્યોતિષ્કના દેવો કલ્પોપપન્ન હોય છે, વૈમાનિક દેવો કલ્પોપપન્ન અને કલ્પાતીત બંને પ્રકારના હોય છે. આ કલ્પોપપન્ન દેવોના ચોસઠ ઇન્દ્રો હોય છે. ઇન્દ્ર એટલા રાજા અથવા ઉપરી. આ ચોસઠ ઇન્દ્રની હકીકત આગળ ઉપર આવશે.

આ પાંચ પ્રકારના શરીર સંબંધી હકીકત મહાવીર-વર્ધમાનના જીવને લાગુ પડતી હોવાથી અત્ર તેને પ્રસ્તુત ગણવામાં આવી છે. મહાવીરસ્વામીનો જીવ દશમા પ્રાણત દેવલોકથી પોતાનો આયુષ્યકાળ લગભગ વીશ સાગરોપમનો પૂરો કરી આ દક્ષિણ ભરતના માહણકુંડ નામના ગામમાં દેવાનંદાની કૂખે આવ્યો-અવતર્યો, ઊતરી આવ્યો. દેવતાનાં સુખો અગાઉ જણાવ્યું તે ભોગવી તે મોટો કાળ એણે પૂરો કરી નાખ્યો.

વૈશાલિના પશ્ચિમ પરિસરમાં ગંડકી નદી વહેતી હતી. તે મગધદેશ ( બિહાર )માં આવેલા આ પરિસરમાં બ્રાહ્મણકુંડ, ક્ષત્રિયકુંડ, વાણિજ્યગ્રામ,

કમરિગ્રામ અને કોલ્લાક સન્નિવેશ એવા અનેક ઉપનગરો અને શાખાપુરો આવેલા છે, અને વૈશાલિકની શોભામાં પોતાની સમૃદ્ધિથી સારી રીતે વધારો કરી રહ્યાં હતા. બ્રાહ્મણકુંડની સામે જ, પૂર્વ પશ્ચિમે બ્રાહ્મણકુંડ અને ક્ષત્રિયકુંડ આવેલાં છે. એ બન્નેના દક્ષિણ અને ઉત્તર એમ બે વિભાગ તે કાળમાં હતા. આવી રીતે બન્ને ઉપનગરો પાસે પાસે હતાં. એ બે નગર વચ્ચે તે કાળમાં એક ઉદ્યાન હતું. તેનું નામ "બહુશાળચૈત્ય" તરીકે પ્રસિદ્ધ હતું. બ્રાહ્મણકુંડના દક્ષિણ વિભાગનું નામ તે કાળમાં 'બ્રહ્મપુરી' કહેવાતું હતું અને તેમાં મોટેભાગે બ્રાહ્મણોની વસતી હતી. તેનો એક આગેવાન રહેવાશી ઋષભદત્ત નામનો બ્રાહ્મણ હતો. તેની પત્ની દેવાનંદાની કૂખે પ્રભુ દશમા દેવલોકથી ઊતરી આવ્યા. આ ઋષભદત્તના ગોત્રનું નામ કોડાળગોત્ર હતું. ક્ષત્રિયકુંડમાં લગભગ ૫૦૦ (પાંચસો) ઘર જ્ઞાત-ક્ષત્રિયોના હતા, એ સર્વ ક્ષત્રિયકુંડના ઉત્તર વિભાગમાં વસતા હતા. ઉત્તર-ક્ષત્રિયકુંડનો નાયક સિદ્ધાર્થ નામનો હતો. એ કાસ્યપ ગોત્રીય હતો, એ આવતા પ્રકરણોમાં ઘણો મહત્વનો ભાગ ભજવવાનો છે, તેથી તેનો આટલો પરિચય અહીંથી આપી દેવો યોગ્ય ગણવામાં આવે છે. એ ક્ષત્રિયનો મોટા અધિકારવાળો હોવાથી એની ગણતરી 'રાજા' તરીકે થતી હતી, તેની પત્ની ત્રિશલા રાણી વૈશાલીના રાજા ચેટકની બહેન થાય. આ સિદ્ધાર્થ અને ત્રિશલાદેવી પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના શ્રમણોપાસક હતા.

અત્યારે જે સમયનું વર્ણન કરવામાં આવ્યું છે ઈ. સ. પૂર્વે છસ્સો વર્ષ લગભગની વાત છે


જે રાત્રે મહાવીરનો જીવ દેવાનંદા બ્રાહ્મણની કુખે આવ્યો તે રાત્રે આસાડ સુદ છઠને રોજ દેવાનંદાએ ચૌદ સુપન જોયા. આ ચૌદ સુપન સંબંધી હકીકત આવતા પ્રકરણમાં વિગત સાથે આપવાની છે. દેવાનંદાએ એ ચૌદ સુપનની હકીકત ઋષભદત્ત પાસે જઈ કહી સંભળાવી. ઋષભદત્ત તો વિદ્વાન બ્રાહ્મણ હતો, ભણેલોગણેલો હતો. તેણે આ સુપનાની હકીકત સાંભળીને જવાબમાં કહ્યું કે– 'દેવી! તમે ઘણાં સારાં સુપનો દેખ્યાં, એનાં પ્રતાપે તમને અત્યંત સુંદર પુત્ર થશે.' આ સાંભળી દેવાનંદા બહુ ખુશી થયા અને ગર્ભપાલન કરવા લાગ્યાં.

આ બનાવની હકીકત ઈ. સ. પૂર્વે લગભગ છસો ( ૬૦૦ ) વર્ષે બની.

આ સુપના શું છે તે અત્યારના વિજ્ઞાનીઓ બરાબર સમજી શકયા નથી. તે જ પ્રમાણે સ્મૃતિ શા કારણે થાય છે તેનો પણ તેઓ સ્પષ્ટ ખુલાસો કરી શકતા નથી. આ બન્નેને મન સાથે નિકટનો સંબંધ છે, પણ અત્યારના વિજ્ઞાનીઓ તદ્દપરત્વે પોતાનું અલ્પ જ્ઞાન કે અજ્ઞાન બતાવે છે. ભારતવર્ષના ઋષિમુનિઓ તો તે સંબંધમાં નિર્ણય કરી શકયા નથી. આ માનસશાસ્ત્રનો અતિ મહત્વનો સવાલ છે. આપણને એક વાત યાદ કેમ રહે છે અને સુપનામા અનેક બનાવો જોઇએ છીએ તેનું કારણ શું છે તેનો સરખી રીતે એક પણ ખુલાસો આપણને સંતોષકારક રીતે થઈ શકતો નથી. આ વસ્તુસ્થિતિ છે અને આપણે તે ચલાવી જ લેવાની છે તે હકીકત છે.

સુપન સંબંધી કેટલીક વાત ત્રિશલાને તે જ સુપનો આવે છે તે વખતે સુપન પાઠકો કરશે તે આવતા પ્રકરણમાં આપણે જોશું, પણ તેથી માત્ર ભારતવર્ષમાં તે સંબંધી માન્યતા શી હતી તેટલું જ જાણવામાં આવશે. અત્યારના વૈજ્ઞાનિકો એ સંબંધમાં વિશેષ પ્રકાશ પાડી શકયા નથી એ હકીકત છે.

( ચાલુ )



# સતપુરૂષો કેવા હોય ?

લેખક-સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

જગતમાં માણસો તો ઘણાએ હોય છે, તેમાંનો મોટો ભાગ સ્વાર્થપ્રેરિત કામો કરવામાં પોતાનું જીવન સમાપ્ત કરે છે. પોતાનો સ્વાર્થ સાધતા કોઇને કાંઈ નુકસાન થાય છે કે કેમ તેની તેમને દરકાર હોતી નથી. એમનું મુખ્ય ધ્યેય કે સાધ્યબિંદુ તો પોતાની સુખસગવડ અને ઐહિક લાભમાં સમાએલું હોય છે. તે માટે તો તેઓ બીજાને ગમે તેવું નુકસાન થતું હોય પણ તેઓને તેની પરવા હોતી નથી. તેઓ પોતાનો સ્વાર્થ સાધતા બીજાને પારાવાર દુઃખની ખાઇમાં પણ ગબડાવી દેવા ચુકતા નથી.

જેમ સ્વાર્થલોલુપ માણસો હોય છે તેમ સ્વાર્થ-નિરપેક્ષ એવા માણસોનો પણ એક વર્ગ હોય છે. તેઓ પોતાના હિત કરતા પારકાના હિતને જ આગળ ધરતા હોય છે. એટલું જ નહીં પણ બીજાના હિત માટે પોતાનું જીવન પણ જોખમમાં મૂકી દેતા પણ અચકાતા નથી. જેમ ઝાડો પોતાના માથે તડકો સહન કરીને પણ તેમના સહવાસમાં આવનારને શીતળ છાયા જ આપે છે. તેમની છાયામાં આવી બેસનારો કોણ છે તેનો ઝાડ વિચાર કરતું નથી ભલે કોઇ ચોર પોતાની છાયામાં આવી બેસે કે કોઇ સંત મહાત્મા આવી બેસે. તેને તો શીતળ છાયા આપવાનું જાણે વ્રત જ લીધેલું હોય છે. ભલે કોઇ યોગી આવે કે ભોગી આવે એને શાંતિ આપવામાં ઝાડ જરા પણ સંકોચ કરતું નથી. એવી વૃત્તિ સત્પુરુષોની હોય છે. કોઇને એમની પાસેથી પીડા થાય જ નહીં, એવો એમનો પ્રકૃતિ-જન્ય સ્વભાવ જ ઘડાએલો હોય છે. ઝાડને કોઈ આવી થડમાં પાણી રેડે છે અને એને પ્રફુલ્લિત કરે કે કોઈ આવી એને પત્થરા મારે તેઓમાં એ ભેદ કરતું નથી. એવા હોય છે સત્પુરુષો ! બીજાઓનું ભલું કરવું એ એમનો સ્વભાવ જ બની ગયેલો હોય છે. ઉલટા જે પત્થરાઓ મારે તેમને તેઓ ફળો આપે છે. સજ્જન પુરુષોનો જન્મ જ પરોપકાર કરવાનો હોય છે. કોઈ આવીને એમને સમજાવે કે, જેના ઉપર તમે ઉપકાર કરવા બેઠા છો તે મહા અધમ અને નીચ માણસ છે. માટે તમારે ઉપકાર કરતા પહેલા જરા વિચાર કરવો જોઇએ. અને આવા દુષ્ટ ઉપર ઉપકાર નહીં કરવો જોઇએ. સત્પુરુષ એનો જવાબ એવો આપે છે કે, એના સ્વભાવ વિશેષ ઉપરથી તમો એને દુષ્ટ, અધમ વિગેરે કહો છો. કારણ એ પોતાનું નીચ કાર્ય મૂકી દેતો નથી ત્યારે મારે પોતાનો સ્વભાવ શા માટે મૂકી દેવો જોઇએ ? શું હું પણ એની પેઠે જ નહીં કરવા લાયક કામો કરતો રહું ? તમો તો તેને દુર્જન કહો છો, અને મને સજ્જન કહો છો. પણ જો હું એની પેઠે જ કરવા માંડું તો તમો મને પણ દુર્જન જ કહેવાના ને ? ત્યારે દુર્જન શા માટે ગણાવવું ?

માતા પોતાના બાળકો માટે પ્રેમ, વાત્સલ્ય, કરુણા વિગેરે ગુણો ધરાવે છે એનું કારણ શું હોઇ શકે ? કહેવું પડશે કે, માતાનો એ સ્વભાવ જ થઈ પડેલો હોય છે. બાળકનું હિત કરવું એ એનો જન્મજાત ગુણ હોય છે. તેમ બીજાઓનું ભલું કરવું એ સત્પુરુષોનો સ્વભાવ બની ગયેલો હોય છે. એ શી રીતે પલટાઈ જાય ? જગતમાં કુપુત્રો જોવામાં આવે છે. પણ કુમાતા તપાસ કરતા પણ મળી આવતી નથી કારણ કુમાતા થવાનો માતાનો સ્વભાવ જ હોતો નથી. અગ્નિ પોતાનો બાળવાનો સ્વભાવ મૂકી શકતો નથી તેમ પાણી પોતાનો શીતળતા કરવાનો સ્વભાવ પણ મૂકી ન શકે ! પ્રભુ પાર્શ્વનાથ ભગવંતને પીડા કરવામાં કમઠાસુરે પાછુંવાળી જોયું

નહીં. આપણે આકરા નિબિડ કર્મ બાંધીએ છીએ એનું ભાન ન રાખ્યું. તેથી ભગવંતે તેના ઉપર પણ કૃપાનું અમૃત રેડવાનું છોડી દીધું? સત્પુરુષો એમ કરે જ શી રીતે? અને સત્પુરુષો પણ એમ દુર્જનની કૃતિ અનુસરણ કરે તો પછી સત્પુરુષોમાં અને કુપુરુષોમાં ફેર જ શું રહ્યો?

મેઘ જ્યારે પાણી વરસાવે છે ત્યારે આ જમીન ફળદ્રુપ છે કે ઉખર છે એ જોવા માટે થોભી જતો નથી. પાણી પીવાને વાઘ, વરૂ આવવાના છે કે હરણીયા આવવાના છે એની શોધ કરવાની એને ફુરસદ હોતી નથી. કારણ ભેદભાવ વગર જ પરોપકાર કરતા રહેવું એ એનો સ્વભાવ જ હોય છે. તેમ સત્પુરુષો કોઈપણ સજ્જન હોય કે દુર્જન હોય તેના ઉપર ઉપકાર કરતી વખતે વિચાર કરવા માટે ક્ષણવાર પણ થોભી જતા નથી. પરોપકાર કરવો અને દુઃખિયાનું દુઃખ દૂર કરવું એ એનો આત્મધર્મ બની ગએલો હોય છે. પ્રભુ મહાવીર ભગવંતને પણ ચંડ કોશીઆને બુઝવવા માટે જઈ એનો દંશ સહન કરવાની શી જરૂર હતી? પણ સત્પુરુષોનો પરોપકાર કરવાનો સ્વભાવ જ હોવાને કારણે તેમનાથી તેમ કર્યા વગર રહેવાતું જ નથી.

જગતનો સામાન્ય માણસ એમ વિચારે કરે છે કે, પારકી પંચાત આપણે શા માટે વ્હોરી લેવા જોઈએ. જેનું હોય તે ભલે ભોગવી લ્યે. આપણે શું કામ નકામી આફત આપણા ઉપર શા માટે ખેંચી લેવી! જગતના ઉદ્ધારકો અત્યાર સુધી થઈ ગયા તેઓ જો સ્વાર્થપ્રેરિત થઈ સંકુચિત ભાવના રાખત તો જગતનું શું થાત! અને જેઓ હજારો વરસો પહેલા આ મર્ત્ય જગત છોડી ગયા છે તેમનું સ્મરણ પણ કોણ રાખત? સૂર્યોદય પહેલાં જ એ મહાત્માઓના નામો અત્યારના સાધક પુરુષોની જીભ ઉપર શી રીતે રમત? કસ્તુરીને સુગંધની કોઈએ યાચના કરેલી હોતી નથી. પુષ્પને કોઈએ સુગંધની માગણી કરેલી હોતી નથી. પણ એ પોતાની ગંધની મેહેકનું દાન કરે જ જાય છે. ચંદનને આપણે બાળીએ, ઘસી નાખીએ તો પણ તે સત્પુરુષોના સ્વભાવને અનુસરી ગંધનો પ્રચાર કરે જ જાય છે. અને પોતાની શીતળતાનું કાર્ય કરે જ જાય છે. પોતાના અમૃત કીરણોની માંગણી ચંદ્ર પાસે કરતું નથી છતાં એ જગતમાં શીતળતાનો વર્ષાવ કરે જ જાય છે. સત્પુરુષોનો સ્વભાવ પણ એવો જ હોય છે. કોઈ એમને નિંદે કે વંદે એનો વિચાર તેઓ કરતા જ નથી. પરોપકારનું દાન કરે જ જવું એ એમનું કાર્ય સતત એકધારૂ ચાલી જ રહેલું હોય છે. અરિહંત ભગવંતો આપણને જડ દેહમાં દેખાતા નથી. પણ તેમનાં અક્ષરદેહની સુગંધ તો એક યા બીજા રૂપે અનંતકાળ સુધી ચાલુ જ રહેવાની છે. અને જેઓ એના સંપર્કમાં આવશે તેમનું કલ્યાણ કર્યા વગર રહેવાની નથી. એઓ તો અમરપદે વિરાજી ચુકયા છે. મૃત્યુ પોતે એમના ચરણે નમે છે. એમની સામે તો મૃત્યુ પોતે હતબુદ્ધ થઈ પોતાનો ગુણ ખોઈ બેઠેલો જણાય છે.

મૃત્યુ તો આપણા જેવા પામર પ્રાણીઓને ડરાવે! સત્પુરુષો આગળ તો એ હતપ્રભ જ બની જાય છે. અત્યાર સુધી જગતના બધાએ ભાગોમાં અનંતરૂપે અનેક જગતના હિત કરનારા થઈ ગયા છે. તેમની સ્મૃતિ નષ્ટ કરવાની કોઈને પણ તાકાત નથી.

એક શ્રીમાન ગૃહસ્થ પોતાની માતાની સ્મૃતિ જાળવી રાખવા માટે હજારોની રકમ ખરચી એક સંસ્થા કાઢવા માટે એક યોજના ઘડી રહ્યા હતા. એટલામાં રસ્તામાં એક ભજન મંડળી ધુન લગાવી તાલબદ્ધ બોલતા અને નાચતા ખુબ આનંદમાં આવી ચાલતી હતી. ઉપરથી ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. એ બધાઓના કપડા ઉપરથી પાણી નીતરતું હતું. અંગ ભીંજાતું હતું. પણ જાણે કાંઈ જ થતું ન હતું એવી રીતે તેઓ પોતાની ધુનમાં રંગાઈ ગયા હતા. તેમના ઇષ્ટદેવની ભક્તિ આગળ આખુ જગ તેમને તુચ્છ લાગતું હતું. કોઈ એમની તરફ ભક્તિથી જોતું હતું કે તુચ્છભાવે જોતું હતું એની એમને કયાં પરવા હતી! એમના ઇષ્ટદેવ અને ગુરૂ

ક્યારે અને ક્યાં થઇ ગયા હતા એનું એમને ક્યાં ભાન હતું ! એઓ એકી સાથે બધુ જ ભૂલી ગયા એટલુ જ નહીં પણ પોતાને પણ ભૂલી ભજનની ધુનમાં આગળને આગળ વધી જ રહ્યા હતા. પેલા એ શ્રીમાનને એમ લાગ્યું કે જે સંતોના નામોનો આ બધા ઉચ્ચાર કરી રહ્યા છે એમનો એમની સાથે સંબંધ શું ? આજે સેંકડો વરસોના વ્હાણા વાઈ ગયા છે. એ સંતોનો એમની સાથે કોઈ દિવસ ભેટો થયો હોવાનો સંભવ પણ નથી. છતાં એમનું નામ આ બધાઓની જીભ ઉપર નાચી રહ્યું છે એનો અર્થ શો ? એ બધાઓના નામો અને એમની કીર્તિ જાળવી રાખવાની કોઇએ ખટપટ કરી હોય એમ કોઇ જાણતું પણ નથી. તો પણ એમના નામોનો ઉચ્ચાર અને એમનું ગુણ સંકીર્તન આબાલવૃદ્ધ એકધારૂં કરી રહ્યા છે એનો અર્થ શું ? એ ઉપરથી મારે બોધ લેવો ઘટે છે કે, સ્મારક કરી શકાતું નથી, એ આપોઆપ નિર્માણ થઈ જાય છે સત્પુરુષો પોતાની કીર્તિ કે નામના અથવા મોટાઇ માટે પ્રયત્ન પણ કરતા નથી. તેમના નામનું સંકીર્તન, તેમની માનસપૂજા સહુ કોઈ નિઃસંકોચપણે કરે જ જાય છે. એમના કાર્યો એટલે એકેક દીપક હોય છે. એમના આચારો એટલે રત્નોનો સંચય હોય છે. એમના શબ્દસમૂહો એટલે અમૃતઝરણા હોય છે. તેથી હજારોના જીવનો સુધરી ગએલા હોય છે. એ અખંડ હોય છે અને દેશકાળ તેમને બાંધી શકતો નથી. તેમની ચમક અને મેહેક કોઈ દિવસ ખૂટતી જ નથી. એમના શબ્દો એ તેમના શરીરના હોતા નથી. પણ તેમાં રહેલા મહાન ચૈતન્યમય આત્માના હોય છે. શબ્દો જડ છતાં તેમના રચનામાં એવો ચૈતન્યભાવ ભરેલો હોય છે કે, તેવું અમરપણું તેથી પ્રતીત થાય છે. માટે જ સત્પુરુષો અમર થઈ જાય છે. અને આપણે પ્રાપ્ત થએલો અવસર ઉંઘમાંને ઉંઘમાં ગુમાવી દઇએ છીએ. એ શ્રીમાન્ ગૃહસ્થની સ્મારકની યોજના ત્યાં જ અટકી પડી. અને અમર સત્પુરુષોના કાર્યમાં કોઇપણ આશા, નામના કે કીર્તિની આકાંક્ષા વગર જ ખરચ કરવાનું એમણે નક્કી કરી દીધું.

નામની તખતીઓ, નામના બોર્ડો તો ઘસાઇ કટકા થઈ ગયા. અને કાળના કોળીઆ પણ થઇ ગયા. અનેક કરોડોના ખરચે બંધાએલા સ્મારકો પૃથ્વીના પેટાળમાં દટાઈ ગયા ! કોઈ એનું નામ પણ જાણતું નથી, ત્યારે આપણે એ બધી ઘટનાઓથી શું બોધ તારવી શકીએ તેમ છીએ, એનો વિચાર કરવો જોઇએ.

આપણા આત્માએ કેટલા ભવો કર્યા ? કેટલા વેશપલટા કર્યા, કેટલી જતિઓમાં કેવી રીતે નાચ્યા કુદ્યા, એનું ટીપણુ કોઈ આપી શકે તેમ છે ? કોઈ જો એ બધું મેળવે તો તેનું લખાણ કેટલું મોટું થાય ? એનું સ્મારક કોણ કરે ! ત્યારે પામર પ્રાણીઓ જે નામ અને કીર્તિ માટે તરફડીઆ મારે છે તેઓએ એ બધી કડાકૂટ મૂકી દેવી જોઇએ અને આપણું કર્તવ્ય કરતા રહેવું જોઇએ. આત્માની સાથે જે શુભકર્મો જોડાઇ જાય તેનો ભોગવટો કરતા આપણે જે પુણ્યોપાર્જન કરીએ તે જ આપણું સાચુ સ્મારક હોઈ શકે. બીજા કૃત્રિમ સ્મારકો તો અનેક થયા અને વિસ્મૃતિની ગર્તામાં લુપ્ત થઈ ગયા એ સમજી રાખવુ જોઇએ.

સત્પુરુષોના સ્મારકો કૃત્રિમ કે બનાવટી હોય જ નહીં. એ તો સ્વયંભૂ નિર્માણ થાય છે. એ કોઇએ કરેલા નથી. એ થઈ ગએલા જ હોય છે. માટે આપણે સાચા સત્પુરુષોને નમન કરી એમના પગલે ચાલીએ અને પોતાનો પુરૂષાર્થ ફોરવતા રહીએ એ જ આપણું આ જીવનનું કર્તવ્ય છે.

# 'સંમેત' શૈલ સંબંધી સામગ્રી

પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ.

**નામ**–'સંમેતશિખર' એ સંસ્કૃત ભાષાના 'સંમેત' અને 'શિખર' એ બે શબ્દનો બનેલો સમાસ છે. 'સંમેત' માટેના પાઇય (પ્રાકૃત) શબ્દો 'સમ્મેય' અને 'સમ્મેદ' છે અને 'શિખર' માટે 'સિહર' છે. 'સંમેત' (પા. સમ્મેય) એ આપણા આ 'ભારત વર્ષ' નામના ઉપખંડના બિહાર નામના પ્રદેશમાં આવેલા એક પર્વતનું નામ છે. તેમ છતાં આજે કેટલાક વખતથી આ પર્વતને કેટલાયે જૈનો 'સમેતશિખર' તરીકે ઓળખે છે અને ઓળખાવે છે. એના શિખરજી તરીકે પણ વ્યવહાર કરાય છે. એને 'પાર્શ્વનાથ પહાડ' પણ કહે છે.

**અર્થ અને નિષ્પત્તિ**–'સંમેત' (પા. સમ્મેય)નો શો અર્થ થાય છે અને એની નિષ્પત્તિ શી છે તે બાબત કોઇ ઉલ્લેખ જોવા જાણવામાં નથી. વિશેષમાં 'સમ્મેત'ને બદલે ક્યારથી અને શાથી ગુજરાતીમાં 'સમેત' શબ્દ યોજાયો તે પણ જાણવામાં નથી. 'સંમેતશિખરિન્' માટે ગુજરાતીમાં 'સંમેતશિખરી' શબ્દ યોજાઈ શકે અને યોજાયો પણ હશે. તેમ થતાં કાલાંતરે એમાંથી 'સમેતશિખર' જેવું રૂપાંતર ઉદ્‌ભવ્યું હોય તો ના નહિ.

**શિખરોનાં નામ**–જૈનોના પ્રાચીન પાઇય અને સંસ્કૃત ગ્રંથો પ્રમાણે સંમેત (પા. સંમેય) એક પર્વતનું નામ છે તો એનાં કેટલાં અને ક્યા ક્યા નામનાં શિખરો છે તેની માહિતી મેળવવી ઘટે. 'સમેતશિખર'થી જે શિખર અભિપ્રેત છે તેનું કોઇ વિશિષ્ટ નામ છે ખરું? ઇ. સ.ની પાંચમી સદીમાં કે એ પૂર્વે બિહારમાં આ પર્વતનું શું નામ હતું તે વિચારાવું જોઇએ.

'સમ્મેય' એ રામચન્દ્રના એક સુભટનું નામ છે એમ વિમલસૂરિકૃત પઉમચરિય (પવ્વ ૫૯, ગા. ૩૭) જોતાં જણાય છે.

**મહાતીર્થ**–'સમેતશિખર' એ જૈનોને મન એક મહાતીર્થ છે, કેમકે આ ચાલુ 'હુંડા' અવસર્પિણીમાં જે ઋષભદેવાદિ ચોવીસ તીર્થંકરો થઇ ગયા તે પૈકી નિમ્નલિખિત ચારને બાદ કરતાં બાકીના [1]વીસની આ નિર્વાણભૂમિ છે એટલું જ નહિ પણ ૧૨૮૦ ગણધરો તેમ જ અન્ય અનેક મુનિવરો અત્ર નિર્વાણ પામ્યા છે એમ જૈનોનું માનવું છે:—

(૧) ઋષભદેવ, (૨) વાસુપૂજ્યસ્વામી, (૩) નેમિનાથ અને (૪) મહાવીરસ્વામી. આ ચારની નિર્વાણભૂમિઓ અનુક્રમે અષ્ટાપદ, ચંપા, ગિરનાર અને પાવાપુરી છે.

[2]**પંચતીર્થી**–'સમેતશિખર' એ પાંચ તીર્થો પૈકી એક ગણાય છે. આ પાંચ તીર્થો તે (૧) અષ્ટાપદ, (૨) શત્રુંજય, (૩) આબુ, (૪) ગિરનાર અને 'સમેતશિખર' છે.

**પાઇય ઉલ્લેખો**–આ લેખનો મુખ્ય વિષય જૈન સાહિત્યમાં પ્રસ્તુત પર્વત સંબંધી વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ થતા ઉલ્લેખો છે. એ સૌમાં આગમિક ઉલ્લેખો પ્રાચીનતમ ગણાય છે. એ પાઇયમાં હોઈ અહીં એનાથી હું શરૂઆત કરું છું.

**'વિન્ધ્ય' પર્વતનું શિખર**:—અભિધાનરાજેન્દ્ર (ભા. ૭, પૃ. ૧૧)મા 'સમ્મેદસેલ' શબ્દ રજૂ કરી એનો અર્થ 'વિન્ધ્ય' પર્વતનું એક

---

૧ જુઓ વિવિધ તીર્થકલ્પ (પૃ. ૮૬). અહીં 'સમ્મેતશૈલ'નો ઉલ્લેખ છે.

૨ ૪૫ મા કલ્પમાં ૮૪ મહાતીર્થનાં નામ દર્શાવતી વેળા સંમેતનો પણ ઉલ્લેખ છે. વિવિધ તીર્થ કલ્પનાં પૃ. ૩૩, ૭૨ અને ૯૪ માં 'સંમેત' શબ્દ અને સાથેસાથે 'પર્વત' વાચક શબ્દ છે, જ્યારે પૃ. ૩ માં સંમેત અને પૃ. ૧૨ માં 'સંમેઅસેલ' છે. પૃ. ૧૦ માં વસ્તુપાલે 'સંમેય-મંડવ' રચાયાનું કહ્યું છે.

શિખર કે જ્યાં ( અજિતનાથાદિ ) વીસ તીર્થંકરો નિર્વાણ પામ્યા છે, એમ કરાયો છે અને સાથે સાથે અત્ર આ. મ. ૧ અ. અને જ્ઞા. નો ઉલ્લેખ છે. પ્રસ્તુત અર્થને લગતો પાઠ નીચે મુજબ અપાયો છે:--

" रत्ननामख्याते विन्ध्यगिरिशिखरभेदे यत्र ऋषभ – वासुपूज्य – नेमि – वीरवर्ज्यास्तीर्थंकरा: विंशति: सिद्धा: "

મેં ઉપર જે અર્થ કર્યો છે તે જો વાસ્તવિક હોય તો હું આ સંબંધમાં નીચે મુજબના ૭ પ્રશ્નો રજૂ કરું છું :—

(૧) શું પ્રસ્તુત 'સંમેત' પર્વત એ કોઈક વેળા 'વિન્ધ્ય' પર્વતનું શિખર હશે ?

(૨) શું એ પર્વત શિખરરૂપ હોઈ એનું 'સંમેત' નામ અપાયું હશે[1] અને તેમ હોય તો ક્યારથી ?

(૩) શું 'વિન્ધ્ય' પર્વત છેક બિહાર સુધી પ્રાચીન સમયમાં પથરાયેલો હશે ?

(૪) શું 'હિમાલય' ગિરિરાજની લાખો વર્ષ પૂર્વે ઉત્પત્તિ થઈ એમ જે કેટલાક ભૂસ્તરવિદ્યા વિશારદો કહે છે તે પહેલાં 'વિન્ધ્ય' પર્વતના અનેક સ્થળે શિખરો હશે ? અને હોય તો તેનાં નામ શાં છે ?

(૫) જેમ 'મહી' નદીને મહીસાગર અને જામનગરના એક વિશાળ સરોવરને 'રણજીતસાગર' કહે છે તેમ 'સમેત' એ શિખરરૂપ હોવા છતાં એનો 'પર્વત' તરીકે ઉલ્લેખ કરાયો હશે ?

(૬) 'સંમેયસેલસિહર' જેવા પ્રાચીન પ્રયોગો સાથે અભિધાનરાજેન્દ્રમાં અપાયેલો અર્થ કેવી રીતે સુસંગત છે ?

પાઈયસદ્દમહણ્ણવમાં 'સંમેય' શબ્દ પ્રસ્તુત પર્વતના અર્થમાં આપી સાથે સાથે એ નિમ્નલિખિત ગ્રંથોમાં વપરાયાનો ઉલ્લેખ છે :—

૧ આમ જ હોય તો 'સંમેતશિખર'ને 'તત્પુરુષ' સમાસ ન ગણતાં 'કર્મધારય' ગણવો પડે અને એનો અર્થ 'સંમેત નામનું શિખર થાય.

નાયાધમ્મકહા ( સુય ૧, અ. ૮, પત્ર ૧૫૪ ); [1]પજ્જોસવણાકપ્પ ( સુત્ત ૧૬૮ ); મહાનિસીહ ( અ. ૭ ), લક્ષ્મણગણિકૃત [2]સુપાસનાહચરિય ( પૃ. ૨૧૧ અને ૫૮૪ ) તેમ જ [3]વિવેગમંજરી પયરણ ( ગા. ૧૮ ).

આમાં હું વસુદેવહિણ્ડી ( અંશ ૧. પૃ.[4]૩૪૮ ), વવહારનું ભાસ અને ચઉપ્પણ્ણમહાપુરિસચરિયે એ નામ ઉમેરું છું.

**સંસ્કૃત ઉલ્લેખો** :—જૈન સંસ્કૃત સાહિત્ય ઘણું વિશાળ છે. તેમાં કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિકૃત ત્રિપષ્ટિશલાકાપુરુષચરિત્ર મહત્ત્વનું સ્થાન ભોગવે છે. એમાં કેટલેક સ્થળે 'સમ્મેત' શબ્દ નજરે પડે છે. સકલાર્હત્ પણ આ જ સૂરિની કૃતિ છે. એના ૩૩મા પદ્યમાં 'સમ્મેતશિખર' ને બદલે 'સમ્મેતશૈલ'નો અન્ય તીર્થસ્થાનો ગણાવતી વેળા ઉલ્લેખ કરાયો છે એ ઉપરથી એમ અનુમનાય કે 'સમ્મેત' એ પર્વતનું જ નામ છે અને 'સમ્મેતશિખર'નો અર્થ 'સમ્મેત' નામના પર્વતનું શિખર થાય છે. આ ૩૩મું પદ્ય મંગલસ્તોત્રના આઠમા પદ્યનું સ્મરણ કરાવે છે. પ્રબોધટીકા ( ભા. ૧, પૃ. ૨૮૨ )માં આ સ્તોત્ર ધર્મઘોપસૂરિકૃત છે એમ જે કહ્યું છે તે શું વાસ્તવિક છે ?

પ્રભાચન્દ્રસૂરિએ વિ.સ. ૧૩૩૪માં રચેલા પ્રભાવકચરિત ( પૃ. ૩૬ )માં કહ્યું છે કે પાદલિપ્તસૂરિએ સંમેતની યાત્રા કરી હતી.[5]

૧ આમાં પાર્શ્વનાથ "સમ્મેયસેલસિહર" ઉપર નિર્વાણ પામ્યાનો ઉલ્લેખ છે.

૨ આ વિ. સં. ૧૧૯૯ની રચના છે. એનો સંક્ષિપ્ત પરિચય મેં "પાઈય ( પ્રાકૃત ) ભાષાઓ અને સાહિત્ય" નામના મારા પુસ્તક ( પૃ. ૧૧૫ )માં આપ્યો છે.

૩ આ આસરે વિ. સં. ૧૨૪૮માં રચી છે. એ બાલચન્દ્રકૃત ટીકા સહિત "જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા"માં વિ. સં. ૧૯૭૫માં પ્રકાશિત કરાઇ છે.

૪ અત્ર અરનાથ 'સમ્મેય પવ્વય' ઉપર નિર્વાણ પામ્યાનું કહ્યું છે. આ વસુદેવહિણ્ડીના પૃ. ૨૧૪, ૨૬૪, ૩૦૯ અને ૩૪૬ પણ અત્ર પ્રસ્તુત છે.

૫ પ્રદ્યુમ્નસૂરિએ પ્રસ્તુત તીર્થની સાત વાર યાત્રા કરી હતી. એઓ વિક્રમની નવમી સદીમાં થઇ ગયા છે.

જિનપ્રભસૂરિએ વિવિધતીર્થકલ્પ કિંવા કલ્પ-પ્રદીપ વિ. સં. ૧૩૬૫ થી વિ. સં. ૧૩૯૦ના ગાળામાં રચ્યો છે. એમાં સંમેત કે સમ્મેયના નામથી પ્રસ્તુત તીર્થનો કલ્પ મુદ્રિત કૃતિમાં તો નથી તો શું એ એમણે સંસ્કૃતમાં કે પાઇયમાં રચ્યો જ નથી? આ માટે વિવિધતીર્થકલ્પની અન્યાન્ય હાથપોથીઓ તપાસાવી ઘટે. 'તીર્થકલ્પ'ના નામથી કેટલીક હાથ પોથીઓ જિનરત્નકોશ ( પૃ. ૧૬૦ )માં નોંધાઈ છે.

" सदभक्त्या देवलोके "થી શરૂ થતી કૃતિ નામે **સકલતીર્થનમસ્કાર**નો ત્રીજા પદ્યમાં 'સંમેત' શબ્દ છે,

[1]**સંમેદશિખરીકલ્પ**–આ અજ્ઞાતકર્તૃક ગ્રંથ છે.

વૈયાકરણ વિનયવિજયગણિએ જિનસહસ્રનામ-સ્તોત્રના ' શ્લો. ૧૩૩ 'માં ' સંમેતશૈલ 'નો ઉલ્લેખ કર્યો છે આ વિ. સં. ૧૭૩૧માં રચાયેલી કૃતિનો પરિચય મેં વિનયસૌરભ (પૃ. ૪૭–૪૮)માં આપ્યો છે.

पूर्णानन्दमय महोदयमयંથી શરૂ થતી કૃતિ (સં + પા. ) નામે શત્રુંજયતીર્થ સ્તોત્રના આઠમા પદ્યમાં ' સંમેઅસેલ 'નો ઉલ્લેખ **છે.**

**માહાત્મ્ય**–પ્રસ્તુત તીર્થનું માહાત્મ્ય રત્નશેખર-સૂરિએ વિ. સં. ૧૪૦૦ કે એ અરસામાં ૧૬૦૦૦ શ્લોક જેવડા **સંમેતશિખરિ માહાત્મ્ય** નામના ગ્રંથમાં વર્ણવ્યું છે. આ ગ્રંથ સંસ્કૃતમાં હશે એમ માની મેં એનો ઉલ્લેખ કર્યો છે. આ ગ્રંથના આધારે દયારુચિગણિએ વિ. સં. ૧૮૩૫માં સમેતશિખરનો રાસ રચ્યો છે એમ આ રાસ ઉપરથી જણાય છે. આ રત્નશેખરનો ગ્રંથ અદ્યાપિ મળી આવ્યો નથી. દીક્ષિત દેવદત્તે **સંમેદશિખરિ માહાત્મ્ય** ૨૧ પ્રકરણમાં ૧૮૦૯ શ્લોક પ્રમાણક રચ્યો છે એ સંસ્કૃતમાં હશે. શું આ જૈન કૃતિ છે?

દિગંબર સુરેન્દ્રકીર્તિએ વિ. સં. ૧૮૩૬ માં ૩૩ પદ્યમાં સંસ્કૃતમાં સમ્મેદશિખરગિરિસ્તોત્ર રચ્યું છે. આનું એક પદ્ય જૈન ગૂર્જર કવિઓ ( ભા. ૩, ખંડ ૨, પૃ. ૧૫૪૦ )માં ઉદ્ધૃત કરાયું છે.

'સમ્મેદ' એ પ્રસ્તુત પર્વતનું દિગંબરોએ યોજેલું નામ હોય એમ લાગે છે. એનો અર્થ વગેરે વિચારવા રહ્યા.

જિનેન્દ્રભૂષણે[1] સંમેદશિખરી વિલાસ સંસ્કૃતમાં રચ્યો છે, કોઇકે [2]**સંમેદાચલાષ્ટક** રચ્યું છે.

**ગુજરાતી ઉલ્લેખો**–પ્રાચીન ગૂર્જર કાવ્ય-સંગ્રહ ( ભા. ૧, પૃ. ૮૮ )માં સકળ તીર્થોને વંદન-રૂપ એક કૃતિ વિ. સં. ૧૩૫૮માં લખાયેલી એક હાથપોથીને આધારે છપાયેલી છે. એમાં સંમેત-શિખરનો સ્પષ્ટપણે તો ઉલ્લેખ નથી.

**રાસ**–જયવિજયે વિ. સં. ૧૬૬૪માં સમેત-શિખર રાસ રચ્યો છે.[3]

જયકીર્તિએ–પણ **સમેતશિખર** [4]રાસ રચ્યો છે. એમાં વિ. સ. ૧૬૭૦માં કુંરપાલે અને **સોનપાલે** આ તીર્થનો સંઘ કાઢી યાત્રા કર્યાની બીના વર્ણવી છે[5] સત્યરત્ને વિ. સં. ૧૮૮૦માં સમેતશિખર રાસ રચ્યો છે વિક્રમની ૧૮મી સદીમાં વિદ્યમાન વિજય-સાગરે સમેતશિખરને શત્રુંજયથી ચઢિયાતો કહ્યો છે, જ્યારે ઉપર્યુક્ત જયવિજયે સમાન કહ્યો છે. ગુલાબ-

---

૧ આ ' જૈનધર્મ પ્રસારક સભા " તરફથી વિ. સં. ૧૯૬૯ માં પ્રસિદ્ધ કરાયો છે.

૧ લોહાચાર્યે તેમ જ ગંગદાસે સંમેદસિહરિવિલાસ ( સં. સંમેદશિખરિવિલાસ. ) નામની એકેક કૃતિ પાઇયમાં રચી છે.

૨ આ સંસ્કૃતમાં હશે એમ માની અહીં મેં એની નોંધ લીધી છે. **સંમેદાચલપૂજા**નો જિ. ર. કો. ( વિ. ૧, પૃ. ૪૨૩ )માં ઉલ્લેખ છે તે માટે પણ આમ સમજવું.

૩ જુઓ જૈન ગૂર્જર કવિઓ ( ભા. ૩, ખંડ ૧, પૃ. ૮૨૫ ).

૪ આના 'સાર' માટે જુઓ "જૈન સત્ય પ્રકાશ" ( વર્ષ ૭, અં. ૧૦–૧૧ ).

૫ જુઓ જૈન તીર્થ સર્વસંગ્રહ ( ભા. ૨, પૃ. ૪૪૪ –૪૪૫ ).

વિજયે વિ. સં. ૧૮૪૬માં 'સમેતશિખરગિરિ રાસ' રચ્યો છે.

**તીર્થવન્દના—**સકલ તીર્થવન્દનાના અંતિમ પદ્યમાં એના પ્રણેતાએ પોતાનું નામ 'જીવ' દર્શાવ્યું છે. એથી 'જીવવિજય' અભિપ્રેત હોય એમ લાગે છે. આ કૃતિના અગિયારમા પદ્યમાં "સંમેતશિખર વંદું જિન વીસ" દ્વારા સંમેતશિખરનો ઉલ્લેખ કરાયો છે.

**ચૈત્યવંદન-**ઋષભદાસે રચેલા અને "આજ દેવ અરિહંત નમું"થી શરૂ થતા ચૈત્યવંદનની નિમ્નલિખિત પંક્તિમાં 'સમેતશિખર'નો ઉલ્લેખ છે:—

"સમેતશિખર તીરથ વડો જ્યાં વીસે જિન પાય"

આ ઉપરથી એ જાણી શકાય છે કે 'સમેતશિખર' નામના તીર્થમાં વીસ જિનેશ્વરનાં પગલાં છે.

**વર્ણનો-**જયવિજયે પ્રસ્તુત તીર્થનું જેમ વર્ણન કર્યું છે તેમ પં. **વિજયસાગરે** પણ કર્યું છે, એ વર્ણનો આ તીર્થની આસપાસના લોકોનું, અહીંની રસાળ ભૂમિ, વનસ્પતિઓ, પશુપંખીઓ અને ઝરણાં વિષે છે

**તીર્થમાળા-શીલ**વિજયે **તીર્થ**માળા રચી છે. એમાં આ પર્વતની ઊંચાઈ સાત કોશની અને પહોળાઈ પાંચ કોશની નોંધી છે. આધુનિક ગણતરી પ્રમાણે આ પર્વત સમુદ્રની સપાટીથી ૪૪૮૧ ફૂટ ઊંચો છે તેમ છતાં આની અંગ્રેજીમાં Parasnath hill તરીકે નોંધ કરાઈ છે તે શી રીતે યથાર્થ ગણાય ? શું 'હિલનો' અર્થ 'ટેકરી'ને બદલે 'પર્વત' થાય છે ખરો ?

અન્ય કેટલીક તીર્થમાળાઓ રચાઇ છે. એના બધાં નામ વગેરેની વાત અત્યારે તો હું જતી કરું તે પૂર્વે એટલું સૂચવીશ કે ઉપર્યુક્ત **વિજયસાગરે** વિ. સં. ૧૬૬૪ના અરસામાં '[1]સમ્મેતશિખર તીર્થમાળા' રચી છે. તીર્થમાળાઓ રાજાની સંમતિ અને દાણનો નિર્દેશ કરે છે.

**સ્તવન :—**જિનહર્ષે વિ. સં. ૧૭૧૪ના અરસામાં અને જિનસૌભાગ્યસૂરિએ વિ સં. ૧૮૯૫માં 'સમેતશિખર' અંગે એક સ્તવન રચ્યું છે. **પદ્મ**વિજયે પણ તેમ કર્યું છે. એમણે પ્રસ્તુત પર્વત ઉપર નિર્વાણ પામેલા વીસે તીર્થંકરોના અહીં સિદ્ધ થનારા મુનિવરોની સંખ્યા દર્શાવી છે.

**થોય :—**[1]**ભાવ**સાગરે તેમ જ વિજયરત્નના શિષ્યે "પંચતીર્થ થોય" નામની એકેક કૃતિ ચાર પદ્યમાં ગુજરાતીમાં રચી છે. એ બંનેમાં તેમ જ ચૈત્રીપૂનમ વગેરેની થોયમાં પણ '**સમેતશિખર**'નો ઉલ્લેખ જોવાય છે.

**પૂજા :—**બાલચન્દ્રે વિ. સં. ૧૯૦૮માં "[2]સમેતશિખર ગિરિપૂજા" રચી છે. અહીં પહેલી કડીમાં 'સમેતશિખર'ને 'ગિરિરાય' કહ્યો છે એટલે દોઢેક સૈકાથી તો શિખરનો 'પર્વત' તરીકે ઉલ્લેખ કરાતો આવ્યો છે એમ ફલિત થાય છે.

**જૈન તીર્થ સર્વ સંગ્રહ** ( [3]ભા. ૨, પૃ. ૪૪૪–૪૪૭ )માં 'સમેતશિખર'ના નામથી આ તીર્થ વિષે કેટલીક માહિતી અપાઈ છે. જેમકે આ પર્વત ઉપર ચઢવાના માર્ગો, આનાં નામાંતરો તરીકે [4]સમિદગિરિ, સમાધિગિરિ અને મલ્લપર્વતનો [5]નિર્દેશ. ત્રણ યાત્રી-કવિઓનો ઉલ્લેખ, [6]ગુફાઓ, પોપ

૧ આ તીર્થમાળા "પ્રાચીન તીર્થમાળા સંગ્રહ" (પૃ. ૧-૧૩)માં "યશોવિજય જૈન ગ્રંથમાળા"માં છપાવાઇ છે.

૧ એમણે રચેલી થોય સ્તુતિતરંગિણી ( ભા. ૨, પૃ. ૨૦૨-૨૦૩ )માં છપાવાઇ છે.

૨ આ પૂજા પૂજાસંગ્રહમાં છપાવાઈ છે.

૩ આ ભાગ ઈ. સ. ૧૯૫૩માં શેઠ આણંદજી કલ્યાણજીએ નકશાઓ સાથે પ્રસિદ્ધ કર્યો છે.

૪ આનો અર્થ જાણવો બાકી રહે છે.

૫ આ નામાંતર શાના આધારે અપાયાં છે તે દર્શાવાયું નથી.

૬ આનાં નામ તેમ જ આ ગુફાઓમાં શિલ્પકળાના કોઈ ઉત્તમ નમૂના હોય તો કયા તે જાણવું બાકી રહે છે.

દસમીએ મોટો મેળો, યાત્રી ક્યારે પર્વત ઉપર ચઢે અને ઉતરે અને રાતવાસો રહી ન શકે એ બીના, ભોમિયાજીનું મંદિર, ૨૮ ટૂંકોનાં નામ, ૧૮ મી ટૂંકની મુખ્યતા, એમાં જ મૂર્તિઓ, જગતશેઠ ખુશાલચંદે આ ટૂંકમાં બંધાવેલું શિખરબંધી જિનાલય અને મૂળનાયક તરીકે ' સહસ્રફણુ ' પાર્શ્વનાથ તેમ જ જિનબિંબો અંગે જિનોની ચરણપાદુકાઓ પરત્વે અને જીર્ણોદ્ધારને લગતા લેખો.

**હિન્દીકૃતિ** :—દિ. સુરેન્દ્રકીર્તિએ " સમ્મેદશિખરજીકા સ્તોત્રકી ભાષા " હિન્દીમાં વિ. સં. ૧૮૩૬માં રચી છે. એની થોડીક પંક્તિ જૈ. ગૂ ક. ( ભા. ૨, ખંડ ૨, પૃ. ૧૫૪૦–૧૫૪૧ )માં ઉદ્ધૃત કરાઈ છે.

**જિનાલય**—દેવેન્દ્રસૂરીએ વન્દારુવૃત્તિ યાને શ્રાવકાનુષ્ઠાનવિધિમાં પ્રસ્તુત પર્વત ઉપર જિનાલય અને જિનમૂર્તિઓ હોવાનું કહ્યું છે.

વિ. સં. ૧૩૪૫માં વીરચન્દ્રે પરમાનન્દસૂરિ પાસે મુખ્ય પ્રતિષ્ઠા કરાવ્યાની વાત કુંભારિયાના મંદિરમાંના એક શિલાલેખમાં જણાવાઈ છે.

**જીર્ણોદ્ધાર**–અત્યાર સુધીમાં બાવીસ જીર્ણોદ્ધાર થયા છે. છેલ્લા ત્રણ વર્ષ ઉપરનો છે.

**પટ**–પ્રસ્તુત તીર્થના કપડા ઉપર જે વિવિધ પટ મળે છે તેમાં સૌથી પ્રાચીન પટ જે હોય તેની પ્રતિકૃતિ ( Photo ) માટે પ્રબંધ કરાવો જોઇએ.

**ચિત્રો**–જિનાલયના તેમ જ ટૂંકોનાં જે ચિત્રો કાગળ કે ભીંત ઉપર આલેખાયા હોય તે પૈકી વિશિષ્ટ ચિત્રોની તારવણી કરી એ વડે આકર ગ્રંથને સમૃદ્ધ બનાવી શકાય.

**ફરમાનો**–ફરમાનો–દસ્તાવેજી પુરાવાઓ વગેરેને આકર ગ્રંથમાં યોગ્ય સ્થાન અપાવું જોઇએ.

**તીર્થરક્ષા**–આગમોદ્ધારક આનન્દસાગરસૂરિજીએ પ્રસ્તુત પર્વત ઉપર બ્રિટિશ સરકાર ડાક બંગલો બાંધવાની હતી ત્યારે તેનો વિરોધ કર્યો હતો અને આગળ ઉપર એ પર્વત ખરીદાવ્યો હતો એમ " આગમોદ્ધારકની શ્રુત ઉપાસના " ( પૃ. ૪૯ )માં કહ્યું છે. વીરચંદ રા. ગાંધીએ કતલખાનું થતું અટકાવ્યું હતું.

**રચના**–અષ્ટાપદ વગેરેની જેમ પ્રસ્તુત પર્વતની પણ વિશિષ્ટ પ્રસંગે રચના કરાય છે. અહીં (સુરતમાં) ગોપીપુરામાં મોતીપોળમાંની પત્થર ઉપરની રચના નોંધપાત્ર ગણાય છે.

**મુકદ્દમાઓ**–' સમેતશિખર 'ને લગતા દાવાઓ અને ફેંસલાઓની રીતસરની નોંધ રજુ થવી ઘટે. એકને અંગે વીરચંદ રા. ગાંધીએ કુશળતાપૂર્વક કાર્ય કર્યું હતું.

**માલિકી**–સમેતની માલિકીને લગતા દસ્તાવેજી પૂરાવાઓ, ફરમાનો વગેરે સાધનો એકત્રિત કરી તેને વ્યવસ્થિત સ્વરૂપ અપાવું ઘટે.

**પ્રકાશન**–' સમેત 'ને અંગે સર્વાંગીણ માહિતી પૂરી પાડનારો અને એને અંગે શ્વે. તથા દિ. સંપૂર્ણ સાહિત્ય રજુ કરતો સચિત્ર સ્વરૂપે એક આકર ગ્રંથ સત્વર તૈયાર કરાવાય અને એ છપાવાય એ માટે યોગ્ય પ્રબંધ થવો ઘટે જેથી ભાવિ પ્રજાને એ મહામૂલ્ય વારસો આશીર્વાદરૂપ બને.

**કબજો અને વિરોધ**:—બિહાર સરકારે પ્રસ્તુત પર્વતનો તા. ૨–૪–૬૪ ને રોજ કબજો લીધો છે. એથી જૈનો એમનો સખેદ વિરોધ કરે છે.

આ લેખમાં પવયણસારુદ્ધારની વૃત્તિ વગેરે પ્રાચીન કૃતિઓ તેમ જ ' સમેતશિખર 'ને ઉદ્દેશીને આધુનિક સમયમાં રચાયેલાં પુસ્તકો જોઇ જવાનું અત્યારે બને તેમ નથી. એટલે જે કોઇ મહત્ત્વની બાબત–ઉલ્લેખાદિ અત્ર રહી ગયેલ હોય તે સૂચવવા તજજ્ઞોને મારી સાદર વિજ્ઞપ્તિ છે.

卐

## શ્રી જૈન ધર્મ પ્રકાશ–પુસ્તક ૮૦ મું : સં. ૨૦૨૦ના કાર્તિક માસથી આસો

# વાર્ષિક અનુક્રમણિકા

### પદ્ય વિભાગ


| | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | શ્રી જૈન ધર્મ પ્રકાશ–ભાવનગર | ( ભાસ્કરવિજય ) | ૧ |
| ૨ | જૈનધર્મ પ્રકાશ | ( મુનિ મનમોહનવિજય ) | ૩ |
| ૩ | ચોવીશ તીર્થંકરનું સ્તવન | ( શ્રી અગરચંદજી નાહટા ) | ૯ |
| ૪ | ઋષભદેવ સ્તવન (આનંદઘન કૃત) | ( ભોજક મોહનલાલ ગિરધર–પાટણ ) | ૧૩ |
| ૫ | કાયાનું કલ્યાણ | ( 'સુધાકર' સુરેશકુમાર કે. શાહ–ભાવનગર ) | ૨૫ |
| ૬ | પ્રાતિ હાયષ્ઠિક | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ ) | ૩૭ |
| ૭ | જૈન ધર્મ | ( 'સુધાકર' સુરેશકુમાર કે. શાહ–ભાવનગર ) | ૪૯ |
| ૮ | કમળની નિર્લેપતા | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ ) | ૬૫ |
| ૯ | સંસાર દાવાનલ સ્તુતિ કી એક પ્રાચીન ભાષા કી ટીકા | ( અગરચંદજી નાહટા ) | ૭૭ |
| ૧૦ | રેશમનો કીડો | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ ) | ૭૭ |
| ૧૧ | સિદ્ધચક્રજીનું સ્તવન | ( મુનિ મનમોહનવિજય ) | ૮૯ |
| ૧૨ | શ્રી નવપદજી મહારાજનું ગીત | ( ચીમનલાલ રતનચંદ–રાજપુર ) | ૧૦૧ |


### ગદ્ય વિભાગ


| | | | |
|---|---|---|---|
| ૧ | નૂતન વર્ષાભિનંદન | ( દીપચંદ જીવણલાલ શાહ ) | ૨ |
| ૨ | શ્રી વર્ધમાન–મહાવીર લેખાંક ૫૩ થી ૬૦ | ( સ્વ. મૌક્તિક ) | ૪ ૧૪–૨૬–૩૮–૫૧–૬૬–૭૮–૯૦ |
| ૩ | ફળ ભોગની આકાંક્ષા | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ ) | ૭ |
| ૪ | જિન દર્શનની તૃષા લેખાંક ૧–૨–૩ | ( ડૉ. ભગવાનદાસ મનસુખભાઇ મહેતા એમ.બી.બી.એસ. ) | ૧૨ ૨૫–૩૬ |
| ૫ | ન્યાયોપાર્જિત ધન એટલે શું ? | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ ) | ૧૮ |
| ૬ | આગમો વગેરેમાં સ્વપ્નો | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ. ) | ૨૧ |
| ૭ | પૂર્ણતા કેવી હોય | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ ) | ૨૯ |
| ૮ | હરિભદ્રીય ષડદર્શન સમુચ્ચયના આદ્ય પદ્યનો પરામર્શ | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ. ) | ૩૨ |
| ૯ | સમાચારી અધ્યયન કે દીપિકા નામક અજ્ઞાત બાલાવબોધમય ટીકા | ( શ્રી અગરચંદજી નાહટા ) | ૩૪ |
| ૧૦ | આત્મા વિકાસશીલ છે | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ ) | ૪૨ |
| ૧૧ | બન્ધસયગ કિંવા બૃહચ્છતકની બૃહચ્ચૂર્ણિ | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ. ) | ૪૪ |
| ૧૨ | નિહ્નવવાદ | ( પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી એમ.એ. ) | ૪૭ |
| ૧૩ | જૈન દર્શનનો અપૂર્વ સંદેશ | " " | ૫૦ |
| ૧૪ | શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ મૂર્તિ વાલુકાની બનેલ હોવાનું પ્રમાણ | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ ) | ૫૩ |
| ૧૫ | શ્રમણ ભગવાન મહાવીરસ્વામીનો સાંસારિક પક્ષ | ( હીરાલાલ ર. કાપડિયા એમ.એ. ) | ૫૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | આનંદીવૃત્તિ | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ ) | ૬૮ |
| ૧૭ | બન્ધસયગ અને એનાં વિવરણોનું સરવૈયું | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ. ) | ૭૧ |
| ૧૮ | ચૌદ ગુણસ્થાન | ( પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી એમ.એ. ) | ૭૫ |
| ૧૯ | ધર્માધર્મ વિવેક | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ–માલેગામ ) | ૮૨ |
| ૨૦ | ભાવના ચતુષ્ટય યાને પરિકર્મ કિંવા બ્રહ્મવિહાર સંબંધી સાહિત્ય | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ. ) | ૮૫ |
| ૨૧ | આગમોની અદીર્ઘ રૂપરેખા લેખાંક ૧–૨ | ( પ્રા. નર્મદાશંકર શાસ્ત્રી એમ.એ. ) | ૯૦–૬૬ |
| ૨૨ | સેવાવૃત્તિનો પરિમલ | ( સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ માલેગામ ) | ૯૧ |
| ૨૩ | બે બાંધવો વચ્ચેનું દારુણ યુદ્ધ | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ.એ. ) | ૯૪ |
| ૨૪ | ગુણસ્થાનક પ્રત્યે સાત નયનું સ્વરૂપ | ( ડો. વલ્લભદાસ નેણુશીભાઈ–મોરબી ) | ૯૮ |
| ૨૫ | શ્રી વર્દ્ધમાન–મહાવીર : મણકો બીજો–લેખાંક : ૧ | ( સ્વ. મૌક્તિક ) | ૧૦૨ |
| ૨૬ | સત્ પુરૂષો કેવા હોય ? | ( ‘ સાહિત્યચંદ્ર ’ બાલચંદ હીરાચંદ ) | ૧૦૫ |
| ૨૭ | ‘ સમેત ’ શૈલ સંબંધી સામગ્રી | ( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. ) | ૧૦૮ |


## પ્રકીર્ણ


| | | | |
|---|---|---|---|
| ૧ | પુસ્તકની પહોંચ | પોષ–મહા | ૩૮ |
| ૨ | ” | ફાગણ | ૫૦ |
| ૩ | સરવૈયું : ૨૦૧૭–૨૦૧૮ | ચૈત્ર–વૈશાખ | ૬૬ |
| ૪ | ઉદ્દઘાટન, સન્માન, જન્મ જયંતી | શ્રાવણ–ભાદરવો ટા. પેજ | ૩ |
| ૫ | જૈન ધર્મ પ્રકાશ વાર્ષિક અનુક્રમણિકા | | ૧૧૩ |
| ૬ | સમાચાર અને સમાલોચના | આસો ટા. પેજ | ૩–૪ |


( સમાચાર ટાઇટલ પેજ ૩ થી શરૂ )

શેઠ ભોગીલાલભાઇ હોલમાં રાત્રિના સાડાઆઠ વાગે શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ જે. પી.ના પ્રમુખપણા નીચે મળી હતી. તેમાં ભાઇઓ અને બહેનો સારા પ્રમાણમાં હાજર રહ્યા હતા.

આ પ્રસંગે પાલીતાણાથી આવેલ શ્રી ફૂલચંદ હરીચંદ દોશી તથા ડો. ભાઇલાલ બાવીશીએ શ્રી વીરચંદભાઈ ગાંધીની સાડત્રીશ વર્ષની યશસ્વી જીવનયાત્રાનો પરિચય આપ્યો હતો. જાણીતા આખ્યાનકાર શ્રી સીતારામભાઇએ અને જાણીતા આખ્યાનકાર કમળાબેન ઠક્કરે પણ તેમના જીવનનો પરિચય આપ્યો હતો.

અંતમાં પ્રમુખ શ્રી ચંદુલાલભાઈએ જણાવ્યું હતું કે આજથી દશેક મહિના પહેલાં વીરચંદભાઈની જન્મશતાબ્દિ ઉજવવાનો વિચાર અમોને આવ્યો અને હું મારા મિત્ર શ્રી કાંતિલાલ કોરા સાથે મહુવા ગયો હતો. ત્યાં તેમના કુટુંબીઓએ જે સામગ્રી અમોએ માંગી તે અમોને પ્રેમપૂર્વક આપવામાં આવી પણ તેમના કુટુંબીઓની ગરીબ પરિસ્થિતિ જોઈને અમોને બહુ જ દુ:ખ થયું. આવા દિવ્ય સમર્પણની જ્યોત જો જલતી રાખવી હોય તો આવા કર્મવીરોને આપણે ભૂલી જવા ન જોઈએ અને તેમના કુટુંબની ચિંતા પણ રાખવી જોઇએ.

કોઇ પણ વ્યક્તિના કાર્યને જીવંત રાખવું હોય તો તેની પાછળ તેના કાર્યને ઝીલવા માટે યોગ્ય લેખધારી નીકળવા જોઈએ અને તે માટે યોજના પણ જોઇએ. સ્વર્ગસ્થ વીરચંદભાઇના કુટુંબીઓ માટે જો વિચારણા કરવામાં આવશે તો હું મારી ફરજ બજાવવા વચન આપું છું.

## ● સમાચાર ●

### ભાઈ અજિતકુમાર હિંમતલાલ વધુ અભ્યાસાર્થે વિદેશગમન :

ભાઈ અજિતકુમાર હિંમતલાલ B. E. તા. ૮-૮-૬૪ના રોજ સ્ટીમર જી. માર્કોનીમાં અમેરિકા Rhode Island યુનિવરસીટીમાં M. S. એન્જીનીયરીંગના વિશેષ અભ્યાસાર્થે મુંબઈથી રવાના થયેલ છે. ભાઈ અજિતકુમાર અત્રેના શેઠ ઝવેરભાઈ ભાયચંદના સંસ્કારી કુટુંબના છે અને મુંબઈના જાણીતા આગેવાન શ્રી ફતેહચંદભાઈના પૌત્ર છે. અભ્યાસમાં તેઓ સુંદર સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા.

### બિહાર સરકારે શિખરજીના પવિત્ર પહાડના લીધેલા કબજા સામે ભાવનગરના જૈન સંઘનો વિરોધ

આપણા તીર્થધામ શ્રી સમેતશિખરજીના પવિત્ર પહાડનો કબજો બિહાર સરકારે લઈ લીધો તે સામે વિરોધ જાહેર કરવા માટે તા. ૩૦-૮-૬૪ રવિવારે ભાવનગરના જૈન સંઘની જાહેર સભા સમવસરણના વંડે પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયોદયસૂરીશ્વરજી, આ. મ. શ્રી વિજયવિજ્ઞાનસૂરિજી, આ. મ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી તથા આ. મ. શ્રી વિજયયશોભદ્રસૂરિજી આદિ મુનિવર્યોની નિશ્રામાં સવારના સાડાનવ કલાકે મળી હતી. જેમાં નીચેના બંને ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

**પહેલો ઠરાવ :**—ભાવનગર શ્વે. મૂ. જૈન સંઘની આ સભા ઠરાવે છે કે જ્યાં જૈન ધર્મના ચોવીશ તીર્થંકરો પૈકી વીશ તીર્થંકર ભગવંતો તથા બીજા અનેક મુનિવરો સિદ્ધિ પદને પામ્યા છે તેવા શ્રી સંમેતશિખરજી તીર્થનો જૈન સમાજના માલિકી અને કબજાનો હક્ક બિહાર રાજ્ય સરકારે તા. ૨-૪-૧૯૬૪ ના રોજ લઈ લીધો છે તે સામે આ સભા ભારે રોષ અને ચિંતાથી જોઈ રહી છે અને તેનો સખત વિરોધ કરે છે. આવું પગલું પાછું ખેંચી લઈ જૈન સમાજની ધાર્મિક લાગણીને માન અને સંતોષ આપવા આ સભા બિહાર રાજ્ય સરકારને આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

**બીજો ઠરાવ :**—ભાવનગર શ્વે. મૂ. જૈન સંઘની આ સભા ઠરાવે છે કે શ્રી સમેતશિખરજીના પવિત્ર તીર્થમાં જૈન ધર્મના સિદ્ધાંતો વિરુદ્ધ કે જૈન સમાજની ધાર્મિક લાગણી દુભાય તેવું કોઈ પણ કૃત્ય થવું ન જોઈએ અને તે માટે તમામ પ્રયત્નો કરવા જોઈએ. આ પવિત્ર ભૂમિની પવિત્રતા કાયમ જળવાઈ રહે અને ધર્મ વિરૂદ્ધ કોઈ પણ કૃત્ય ત્યાં ન થાય અને તે તીર્થ આપણા પાસે રહે તે માટે બધા જ પ્રયત્નો કરવા આ સભા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને અનુરોધ કરે છે અને તેમના પ્રયત્નોમાં અત્રેનો સંઘ તમામ સહકાર આપશે તેમ ખાત્રી આપે છે. તેમ જ આ બાબતમાં સમાજને જાણકારી કરવા અને માર્ગદર્શન આપવા માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને આ સભા અનુરોધ કરે છે.

### શ્રી વીરચંદ ગાંધી જન્મશતાબ્દિ સમારંભ

અત્રે સ્વ. વીરચંદ રાઘવજી ગાંધીની જન્મશતાબ્દિ નિમિત્તે પચીસમી ઓગસ્ટના રોજ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા તથા શ્રી નવાપરા જૈન પ્રગતિ મંડળના આશ્રય નીચે એક જાહેર સભા શ્રી આત્માનંદ સભાના

( અનુસંધાન પેજ ૧૧૪ )

Reg. No. G 50

# સમાલોચના

**(૧) શ્રી શત્રુંજયનું સંક્ષિપ્ત દિગ્દર્શન અને તેના સ્તવનો વગેરે :**—લેખક : શ્રી દીપચંદ જીવણલાલ શાહ, બી. એ. બી. એસસી., પાના ૭૨+૮ કિંમત ૮૦ પૈસા, મળવાનું ઠેકાણું : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો ભાવનગર.

આ પુસ્તિકા અંગે પ્રાધ્યાપક નર્મદાશંકર શાસ્ત્રી, એમ. એ. ( સાહિત્યાચાર્ય, કાવ્યતીર્થ, રાષ્ટ્રભાષારત્ન ) એ નીચે પ્રમાણે અભિપ્રાય આપેલ છે.

આપના તરફથી મોકલેલ હસ્તલિખિત " શત્રુંજયનું સંક્ષિપ્ત દિગ્દર્શન " આમૂલ જોઇ ગયો છું, વાંચતી વખતે શત્રુંજયના પવિત્ર દર્શન કરવા મન લલચાતું હતું. પુસ્તિકા વાંચીને યાત્રા કરનાર માનવના મનને અનેરો આનંદ મળશે તેમાં મને જરાય પણ સંદેહ નથી. આ પુસ્તિકા તો માર્ગદર્શકની ગરજ સારે તેવી છે. તીર્થયાત્રા માટે આવા પ્રકાશનોની ખૂબ જ આવશ્યકતા છે, જે આપે પૂરી પાડી છે તે તે બદલ જૈન સમાજ તેમ જ જૈનેતર સમાજ પણ વિશેષ ઋણી છે. ભવિષ્યમાં પણ અન્ય તીર્થસ્થાનો વિષે સવિસ્તર માહિતી પ્રદર્શક પુસ્તકો પ્રગટ કરો એવી અભ્યર્થના.

માગશર શુદી પૂનમ સુધીમાં મંગાવનારને ૮૦ પૈસા( પોસ્ટેજ માફ )થી આપવામાં આવશે.

**(૨) શ્રી તત્ત્વતરંગિણી ગ્રન્થરત્નનો અદ્વિતીય-અક્ષરસઃ-સુવિશુદ્ધ અનુવાદ :**—કર્તા : શાસન કંટકોદ્ધારક પૂજ્ય મુનિવર્ય શ્રી હંસસાગરજી મહારાજ પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન શ્રી શાસન કંટકોદ્ધારક જ્ઞાનમંદિર, જી. ભાવનગર. વાયા તળાજા, મુ ઠળીયા ( સૌરાષ્ટ્ર ). કિંમત રૂા. ૮–૫૦. મોરબી નિવાસી શેઠ શ્રી હીરાચંદભાઇ હરજીવનદાસ તરફથી સભાને ભેટ મળેલ છે.

**(૩) જૈન પરંપરાનો ઇતિહાસ ભાગ ત્રીજો :**– કર્તા : ત્રિપુટી મહારાજ–પ્રાપ્તિસ્થાન, ચંદુલાલ લખુભાઇ પરીખ, માંડવીની પોળ, અમદાવાદ. કિંમત રૂા. ૨૦).

પ્રસ્તુત વિભાગમાં રાજાઓ, અમાત્યો, શ્રેષ્ઠિઓ, શ્રેષ્ઠિનીઓ, અનેક ગચ્છ–શાખા–કુળો, જૈનાગમ વાચનાઓ, ગ્રંથકારો, ગ્રંથરચના, જ્ઞાનભંડારો, ગ્રંથપ્રશસ્તિઓ, શિલાલેખો, નગરો, નગરીઓ, તીર્થો, મંદિરો, મંદિરોના જીર્ણોદ્ધારો સાંસ્કૃતિક વિગતો, વગેરે અનેક વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવેલો છે. આ રીતે આ ઇતિહાસ ગ્રંથે ઘણી ઘણી સામગ્રીઓ પૂરી પાડી છે, જિજ્ઞાસુઓને આ ગ્રંથ વાંચવા ભલામણ કરવામાં આવે છે.

**(૪) દીર્ઘતપસ્વી આચાર્ય પ્રવર શ્રી રંગવિમલસૂરીશ્વરજીની જીવનપ્રભા :**—પ્રકાશક : શ્રી મુક્તિવિમલજી જૈન ગ્રંથમાળા, પ્રાપ્તિસ્થાન નગરશેઠ શનાભાઈ મણિલાલ દોશી. દોશીવાડો, વિજાપુર. ( ઉ. ગુજરાત. )

આચાર્યશ્રીના શાસન હિતના કાર્યો અને તેમની જીવન પ્રણાલીની આછી નોંધ આ પુસ્તકમાં આપવામાં આવેલ છે.

જ્ઞાનદર્શન અને ચારિત્રની નિર્મળ ત્રિવેણીસમા તેમના જીવન પ્રસંગોમાંથી આપણે કંઇને કંઇ ગ્રહણ કરીએ તેવી ભાવના રાખવામાં આવે છે.

**(૫) શ્રી પાટણ જૈન મંડળ સુવર્ણ જયંતિ મહોત્સવ અંક ( ૧૯૧૨–૧૯૬૩ ) :**—શ્રી પાટણ જૈન મંડળ, ૭૭ મરીન ડ્રાઇવ, મુંબઇ–૧

મંડળની સ્થાપનાથી માંડીને તે આજ પર્યંત મંડળની વિવિધ પ્રવૃત્તિઓમાં ખરેખરો હિસ્સો

( અનુસંધાન ટાઇટલ પેજ ૨જા ઉપર )

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ. સાધના મુદ્રણાલય–ભાવનગર